# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ : સિધ્ધાંત બોધ લેવો અને સિધ્ધાંત બોધ આપવો

## ■ ધર્મ સાર ■

**''ધર્મ એટલે શું ? :** અધર્મથી છુટવું તેનું નામ ધર્મ.'' અધર્મથી અટકવું, અધર્મભાવને કાઢવાં અને અધર્મવૃત્તિને કાપવી, તે કાર્ય જેનાથી થાય તે સાધન (દ્રવ્ય) જેવા કે જપ, તપ, ક્રિયા, ભક્તિ, ત્યાગ, દાન વિગરે સાધનો અને પાંચ ઈન્દ્રિયોના વિષયો અને ચાર કષાયો કાપવા માટે આ સાધનોનો ઉપયોગ થાય તે રીત. બાળજીવે અજ્ઞાનતાએ સંસાર માંડી દીધો હોય અને પછી જો સાચી સમજણ મળે અને આત્મકલ્યાણની રૂચી જાગે અને ભવભ્રમણથી છુટવાની વૃત્તિ થાય તો તેણે માંડેલા સંસારને આદરભાવમાં લઈને (આગ્રહભાવમાં નહીં) અને પ્રતિકુળ સંજોગો અને પ્રતિકુળ જીવોની સાથે અનુકુળ થઈને અને તે અનુકુળતામાં ટકવાં, ઉપરના સાધનોનો ઉપયોગ કરીને સમતાભાવમાં ટકી રહે તો આત્મકલ્યાણનું કારણ બને અને ભાવી ભવોમાં મોક્ષગામી બને. અને જો ત્યાગી હોય તો સાચી સમજણ ધારણ કરીને સંસારને (શ્રાવકો-શ્રાવિકાઓનો) ઉપકારીપણામાં લઈને અને પ્રતિકુળ ક્ષેત્રમાં જઈને, પ્રતિકુળ સંજોગોમાં ઉપરના સાધનોનો ઉપયોગ ધારણ કરીને, સમતાભાવ રાખીને સહનશીલતાનો ગુણ પ્રગટાવવાથી અલ્પ ભવમાં મોક્ષગામી બનવાનું કારણ બને.

# જૈનો જાગો

રમેશ વૈજાણી

લેખાંક : ૨૮

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુન: મુદ્રણ**

**''જીવને મોક્ષમાર્ગની પ્રાપ્તિ સર્વ સમય અને સર્વ ક્ષેત્રથી અત્યંત મુશ્કેલ છે.''**

અત્યારે જૈન સંપ્રદાયનાં શ્રાવક-શ્રાવિકાઓને સિધ્ધાંતબોધ (આત્મધર્મ) જાણવાની જેટલી અનુકુળતા છે, એટલી અનુકુળતા જીવને પૂર્વમાં મળી હશે કે નહીં તે તો પરમાત્મા જાણે, પણ અત્યારે બાળજીવને સમયની અનુકુળતા, અર્થની અનુકુળતા, આરોગ્યની અનુકુળતા, એક સ્થળેથી બીજા સ્થળે જવાની અનુકુળતા અને સ્વતંત્રપણે વિચારવાની અનુકુળતા, સ્વતંત્રપણે ધર્મ કરવાની અનુકુળતા અને લગભગ ત્રણસો સાંઈઠ દિવસ (આખું વર્ષ) ધર્માચાર્યો (સિધ્ધાંતબોધનાં જાણકાર)નો યોગ આટઆટલી અનુકુળતાઓ મળે અને શ્રવણશક્તિ અને બુધ્ધિનું પૂર્ણપણું અને અક્ષરજ્ઞાનની જાણકારી વિગેરેની પૂર્ણ અનુકુળતાઓ મળી છે. તો બાળજીવોએ સિધ્ધાંતબોધ આરાધવો જ જોઈએ અને જો આરાધવાનું બળ ન હોય તો કંઈ નહીં પણ બોધની જાણકારી તો મેળવવી જ જોઈએ અને યથાશક્તિ (અનુકુળતા પ્રમાણે) જીવનમાં ઉતારવાનો પુરૂષાર્થ કરવો તે સર્વ બાળજીવોનો ધર્મ છે. આત્મધર્મ (સિધ્ધાંતબોધ) વગર જીવ ક્યારેય મોક્ષમાર્ગી બનતો નથી, બનવાનો નથી અને બનશે નહીં, તેવો અટલ નિયમ શાસ્ત્રકારોએ બતાવેલો છે અને તે યર્થાથ છે. બાળજીવોએ સત્યની ઝુરણા પ્રગટાવવા માટે પણ સિધ્ધાંતબોધ (આત્મધર્મ) જાણવો, માનવો અને પુરૂષાર્થથી અનુભવવો જરૂરી છે. હવે આગળનાં લેખાંકનાં અનુસંધાનમાં સિધ્ધાંત બોધના લક્ષણોની વિશેષ વિચારણા કરીએ.

*** સત્સંગ ***

**જીવને સંસાર ભ્રમણમાં સંસારનું સંસારમાં સંસારભાવે, સંસારનું કરેલું આરાધન એ સંસાર ભ્રમણનું કારણ નથી,**
**''પણ''**
**ધર્મમાં (પુણ્યનું) સંસારભાવનું સ્થાપન સહિતનું ધર્મનું આરાધન સંસાર ભ્રમણનું મુખ્ય કારણ ગણાય.**

૧૩૩. જે બોધની સમજણથી જીવને ભવમુક્તિની ઝુરણાં જાગે, તે જ્ઞાનને સિધ્ધાંતબોધ કહેવાય.

૧૩૪. જે બોધની સમજણથી જીવને મોક્ષમાર્ગનું જ્ઞાન મળે, તે જ્ઞાનને સિધ્ધાંતબોધ કહેવાય.

૧૩૫. જે બોધની સમજણથી જીવને દેહ અને આત્માની સમજણનું જ્ઞાન મળે, તે જ્ઞાનને સિધ્ધાંતબોધ કહેવાય. (દેહ સાધન અને આત્મા સાધ્ય[લક્ષ])

૧૩૬. જે બોધની સમજણથી જીવને દેહ અનિવાર્ય છે પણ દેહભાવ અનિવાર્ય નથી તે જ્ઞાન મળે તેને સિધ્ધાંતબોધ કહેવાય.

૧૩૭. જે બોધની સમજણથી જીવને દેહનું અનિવાર્યપણું જાણવા મળે, તે જ્ઞાનને સિધ્ધાંતબોધ કહેવાય. (દેહનું નિરોગીપણું જરૂરી, દેહનું શક્તિપણું નહીં)

૧૩૮. જે બોધની સમજણથી જીવને સંસાર અનિવાર્ય છે, પણ સંસારભાવ અનિવાર્ય નથી, તે જ્ઞાન જેમાંથી મળે તેને સિધ્ધાંતબોધ કહેવાય. (સંસાર વ્યવસ્થાએ મોક્ષમાર્ગ ખુલે અને સંસાર વ્યવસ્થા ન હોય ત્યારે મોક્ષ ન હોય. માતા-પિતા સંસાર વ્યવસ્થાનું પ્રતિક છે.)

૧૩૯. જે બોધની જાણકારીથી જીવને પદાર્થો અનિવાર્ય છે પણ તેમાં આસક્તિભાવ અનિવાર્ય નથી તે સમજણ મળે તે જ્ઞાનને સિધ્ધાંતબોધ કહેવાય.

૧૪૦. જે બોધની જાણકારીથી જીવને સબંધો અનિવાર્ય છે પણ તે સબંધોમાં રાગ-દ્વેષ અનિવાર્ય નથી તે સમજણ મળે તે જ્ઞાનને સિધ્ધાંતબોધ કહેવાય.

૧૪૧. જે બોધની જાણકારીથી જીવને વ્યવહાર અને વ્યાપાર અનિવાર્ય છે, પણ તેમાં અપ્રમાણિકતા અને દંભ અનિવાર્ય નથી. તે સમજણ જે જ્ઞાનથી મળે તેને સિધ્ધાંતબોધ કહેવાય. (વ્યવહાર અને વ્યાપારમાં કેવા લક્ષ સહિત કાર્યો કરવા કે જેનાથી અનંત કર્મો ખપે અને અલ્પ એવા કર્મો બંધાય.)

**અજ્ઞાનને, અજ્ઞાનતામાં, અજ્ઞાનતાથી, અજ્ઞાનીપણે, અજ્ઞાનને જ્ઞાન માનીને, (અ)જ્ઞાનુંભાવે, (અ)જ્ઞાનત્વ સ્વભાવે, અજ્ઞાનનું અજ્ઞાનીપણે, અજ્ઞાનતાથી, અજ્ઞાનનું આરાધન એજ મિથ્યાત્વપણું, અને એજ ભવબંધનનું કારણ.**

૧૪૨. જે બોધની જાણકારીથી જીવને સંસારમાં કર્મબંધ તો અનિવાર્ય છે, પણ મંદ કર્મો અથવા અલ્પ કર્મો બાંધીને પણ જીવી શકાય તે સમજણ જે જ્ઞાનથી મળે તેને સિધ્ધાંતબોધ કહેવાય.

૧૪૩. જે બોધની જાણકારીથી જીવને સંસાર વ્યવહાર અને ધર્માકાર્યોમાં બુધ્ધિ અનિવાર્ય છે, પણ નિર્મળ બુધ્ધિએ પણ જીવન વ્યવહાર અને આત્મ કલ્યાણનાં કાર્યો થઈ શકે તે સમજણ જે જ્ઞાનથી મળે તેને સિધ્ધાંતબોધ કહેવાય.

૧૪૪. જે બોધની જાણકારીથી જીવને સિધ્ધાંતબોધ અને ઉપદેશબોધની સમજણ મળે તે જ્ઞાનને સિધ્ધાંતબોધ કહેવાય. (સિધ્ધાંત બોધનો આગ્રહ હોય અને તેને આરાધવાનો છે અને ઉપદેશબોધનો આદર હોય, અને તે સિધ્ધાંતબોધને સહાયક હોય. [સિધ્ધાંતબોધના લક્ષનાં કારણે])

૧૪૫. જે બોધની જાણકારીથી જીવને સંસારમાં સંગ (સમુહ) અનિવાર્ય છે, પણ અસંગ અથવા કુસંગ અનિવાર્ય નથી, તે સમજણ જે જ્ઞાનથી મળે તેને સિધ્ધાંતબોધ કહેવાય.

*** સત્સંગનું ફળ ***

**પરમાત્માનું પ્રભુમાં પરમાર્થે પરમેશવરપણું પ્રભુમાં પ્રભાવીને, પ્રભુ સ્મરણે, પ્રભુત્વ સ્વભાવે, પ્રભુનાં સ્વઅનુભવને (કેવળજ્ઞાનને) પોતાનો અનુભવ બનાવવાનો પરમાર્થ એજ પ્રભુ ભક્તિ અને એજ જીવન મુક્તિ (મોક્ષ)**

**આત્મિક પરિણામ માટે સત્સંગ અનિવાર્ય છે.**
**''બાળજીવ અસંગમાં પણ સંગમાં હોય છે.''**
**''જ્ઞાની સંગમાં પણ અસંગ હોય છે.''**

૧૪૬. જે બોધની જાણકારીથી જીવને ત્યાગી (સાધુ-સાધ્વીઓ)ની સેવા ભક્તિ (વૈયાવચ્ચ) કેમ કરવી તેની સમજણ જે જ્ઞાનથી મળે તેને સિધ્ધાંતબોધ કહેવાય. (સાધુ-સાધ્વીઓ મોક્ષમાર્ગનાં પ્રખર આરાધક સાધકો ગણાય અને તેની સાધનામાં જેટલા અંશે સહાયતા કરીએ, એટલી આપણને સાધનાના કાળમાં અનુકુળતાઓ અને સહાયતા પ્રાપ્ત થાય અને સાધનામાં વિરાધના કરી હોય તો એટલા અંશે પ્રતિકુળતા આવે અને કદાચ પડવાનું પણ કારણ બને.)

**''ધર્મ એજ છે કે જે અધર્મમાં પણ ધર્મમાં રાખાવે''.**

**''અધર્મપણાથી દૂર રહેવું એજ ધર્મ છે''.**

આવતા લેખાંકમાં યોગે કરીને સિધ્ધાંત બોધની વિશેષ વિચારણા કરીશું.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.